**રેગ્યુલર દિવાની મુકદમા ક્રમાક–૦૩/૨૦૧૮**

આંક–૩૭ ની દિવાની કાર્યરીતિ સંહિતા હુકમ ૭ નિયમ ૧૧ હેઠળની અરજી લગત હુકમ:–

**(૧)** હાલની અરજી દિવાની કાર્યરીતી સંહિતા હુકમ ૭ નિયમ ૧૧ હેઠળ રજુ રાખી હાલનો દાવો વાદી દ્વારા સને ૧૯૯૨ માં કરવામાં આવેલ કુલ મુખત્યારનામું થયાના આશરે ૨૬ વર્ષ બાદ તેમજ હકક ઉઠાવી લીધાના તા.૦૩.૦૧.૨૦૦૧ ના કરારના ૧૭ વર્ષ બાદ હાલનો દાવો દાખલ કરેલ છે. વધુમાં અન્ય એક કુલ મુખત્યારનામું થયાના ૨૧ વર્ષ બાદ તેમજ પ્રતિવાદીને કરી આપવામાં આવેલ તા.૨૨.૦૨.૨૦૦૫ ના દસ્તાવેજને આશરે ૧૩ વર્ષ બાદ પડાકારેલ છે. આમ, સને ૧૯૯૨ તથા સને ૧૯૯૭ માં થવા પામેલ કુલમુખત્યારનામા તેમજ સને ૨૦૦૫ માં નોંધાયેલ વેચાણ દસ્તાવેજને સને ૨૦૧૮ માં પડાકારેલ હોય સમયમર્યાદાનો બાધ નડે છે તેમજ વાદીને હાલનો દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન થયેલ ના હોય હાલની અરજી મંજુર કરી દાવા અરજી રદ કરવા સારૂ પ્રતિવાદી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે.

**(૨)** હાલની અરજી અનુસંધાને વાદી દ્વારા આંક ૪૧ થી પોતાનો લેખીત જવાબ રજુ રાખેલ છે. સદર જવાબ વંચાણે લીધો. તેમજ વાદી તર્ફે આંક ૪૨ થી પોતાની લેખીત દલીલ રજુ રાખેલ છે તેમજ તે દલીલોમાં નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબનાઓ ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

1. AIR 1990 SC 123

2. AIR 1978 SC 449

3.2007(0)GLHEL–SC–38613

4.2007(3) GLH–SC 649

5.2017(0)AIJEL–HC–237201

6.2016(0)AIGEL–SC 57347

7.AIR 2008 SC 3174

ઉકત તમામ ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

**(૪)** હાલના કામે વાદીની દાવા અરજીની દાદ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

" સબબ અમો વાદી આથી દાદ માંગીએ છીએ કે,

૧. આ દાવા અરજીના પેરા–(૨)માં જણાવેલ દાવાવાળી જમીનમાં અમો વાદીનો કાયદેસરનો ૧/૫ ભાગનો વણ વહેચાયેલો વારસાઈ હકક મર્હુમ લલ્લુભાઈ જીવણભાઈની શાખામાંથી ચાલી આવેલો છે. તે મુજબનું જાહેર કરી સદર હકકને નુકશાન કરવાનો અને તેને નષ્ટ કરવાનો કોઈ હકક આ દાવાના હરકોઈ

પ્રતિવાદીઓને નથી. તેવુ ડીકલેર ઠરાવી આપશોજી.

૨. આ દાવા અરજીના પેરા(૮) ના શિડયુલમાં જણાવેલા દાવાવાળા તમામ દસ્તાવેજોને રદ કરશોજી. અને તે દસ્તાવેજો–કરારો–પાવર કરવાનો અગર તો તેને કરાવવાનો કોઈ હકક અધિકાર આ દાવાના પ્રતિવાદીઓને ન હતો તેવુ ડીકલેર ઠરાવી સદર શિડયુલમાં જણાવેલ તમામ દસ્તાવેજોને રદ કરશોજી અને તે રદ કર્યાની યાદી મહે. પલસાણાના સબ રજીસ્ટ્રારશ્રીને તથા પલસાણા મામતલદારને તથા તલાટી કમ મંત્રી કડોદરાને મોકલવાનો હુકમ કરવા પણ ન્યાયના હિતમાં મે. કરશોજી.

૩. આ દાવા અરજીના પેરા (૨)માં જણાવેલી દાવાવાળી જમીનના કોઈપણ ભાગની તબદીલી હરકોઈ રીતે અન્ય કોઈપણ ત્રાહીત ઈસમોને આ દાવાના પ્રતિવાદીઓએ કરવી યા કરાવવી નહી અને હરકોઈ પ્રકારના દસ્તાવેજી લખાણો ઉભા કરતા કૃત્યો તેઓએ કરવા કરાવવા નહી અને દાવાવાળી જમીનની હાલની સ્થળ, સ્થિતિ, માલીકી તથા કબ્જા બાબતેની આ દાવાની તારીખે પ્રવર્તી રહી છે તે જ સ્થળ સ્થિતી તેઓએ યથાવત જાળવી રાખવી તેવો જાથુકનો મનાઈ હુકમ આ દાવાના પ્રતિવાદીઓને ફરમાવશોજી.

૪. આ દાવાના તમામ ખર્ચ મજકુર પ્રતિવાદીઓ પાસેથી અમો વાદીને વસુલ અપાવશોજી

૫. નામદાર કોર્ટને બીજી જે વ્યાજબી અને મુનાસીબ લાગે તેવી વિશેષ દાદ અમો વાદીના લાભમાં મંજુર કરશોજી.

ઉકત દાદ અનુસંધાને દાવા અરજીના પેરા (૮) માં જણાવેલ દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

૧. કુલમુખત્યારનામું તા.૨૬.૦૬.૧૯૯૨

૨. હકક ઉઠાવ્યાનો કરાર તા.૦૩.૦૧.૨૦૦૧

૩. કુલ મુખત્યારનામું તા.૨૬.૦૪.૧૯૯૭

૪. વેચાણ દસ્તાવેજ તા.૨૨.૦૨.૨૦૦૫

(૫) વાદીનું દાવાનું કારણ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

આ દાવાનું કારણ આ દાવા અરજીના પેરા(૧) થી પેરા (૧૨) માં જણાવેલ કારણોસર આ દાવાના પ્રતિવાદી નં. ૩ થી ૭ ના મર્હુમ વડીલ નગીનભાઈ લલ્લુભાઈનાએ અમો વાદીના નામનો બનાવટી કુલ મુખત્યારનામાનો લેખ બનાવી અમો વાદીની જાણ બહાર દાવાવાળી જમીનમાંથી બોગસ કુલમુખત્યારનામાના આધારે બોગસ હકક કમીનો કરાર ઉભો કરી અમો વાદીનું નામ રેવન્યુ દફતરેથી કમી કરી તેમના નામે તથા પ્રતિ નં.૧,૨ ના નામે દાવાવાળી જમીન કરી ત્યારબાદ પ્રતિવાદી નં.૧,૨ તથા પ્રતિવાદી નં.૩ થી ૭ ના મર્હુમ વડીલે

દાવાવાળી જમીનને લગતો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧૩ થી પ્રતિ નં.૧૮ ને બનાવી આપ્યો. આમ પ્રતિવાદીઓએ એકબીજાન મેળા પીપણામાં દાવા અરજીના પેરા–૮ ના શીડયુલમાં જણાવેલ દસ્તાવેજો એક પછી એક બનાવી આપેલાની પહેલ વહેલી જાણ ગઈ તા.૦૧.૧૨.૨૦૧૭ ના રોજે ૭/૧૨ ની નકલો કઢાવતા તેમજ વેચાણ દસ્તાવેજોની નકલો ગઈ તા.૦૧.૧૨.૨૦૧૭ તથા નોંધના તુમારની નકલો તા.૧૯.૧૨.૨૦૧૭ ના રોજ મળતા થઈ ત્યારે અને તે પછી ગઈ તા.૨૩.૦૧.૨૦૧૮ ના રોજ દસ્તાવેજોને રદ કરવાની તાકીદ કરતી નોટીસ તમમ પ્રતિવાદીઓને આપતા તેનો અમલ કરેલો નહી કે તે નોટીસનો જવાબ આપેલ નહી ત્યારથી ઉત્પન થયુ છે. અને તે કારણ આ દાવાની તારીખે સતત ચાલુ રહયુ  હોય સદર દાવાને મુદ્દતનો બાધ નથી.

(૬) આ તબ્બકે દિવાની કાર્યરીતિ સંહિતા હુકમ ૭ નિયમ ૧૧ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

CPC Order 7 Rule 11. Rejection of plaint. - The plaint shall be rejected in the following cases:-

(a) where it does not disclose a cause of action;

(b) where the relief claimed is undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a time to be fixed by the Court, fails to do so;

(c) where the relief claimed is properly valued, but the plaint is returned upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;

(d) where the suit appears from the statement in the plaint to be barred by any law :

[(e)where it is not filed in duplicate;]

[(f) where the plaintiff fails to comply with the provisions of rule 9:]

[Provided that the time fixed by the Court for the correction of the valuation or supplying of the requisite stamp-paper shall not be extended unless the Court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevented by any cause of an exceptional nature form correcting the valuation or supplying the requisite stamp-paper , as the case may be, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff.]

(૭) ઉકત હકીકતે દિવાની કાર્યરીતિ સંહિતા હુકમ ૭ નિયમ ૧૧ ની અરજી નિર્ણય કરતા સમયે અદાલતે દાવા અરજી તેમજ તે સાથે રજુ દસ્તાવેજો જ ધ્યાને લેવાના રહે છે. ઉકત હકીકતે વાદીએ દાવા અરજી તેમજ

પ્રતિવાદીઓને આપેલ નોટીસમાં પાવર ઓફ એર્ટની આપવામાં આવેલ તે દિવસે ભારતમાં ના હોવાનો તેમજ તેઓ કોઈ નોટરી સમક્ષ ગયેલ ના હોવાનો ઉલ્લેખ કરેલ છે. વધુમાં વાદીનું નામ કમી કરાવવામાં આવેલ તે સમયે પણ ભારતમાં હતા નહી તેમજ ઉકત હકીકત દર્શવવા માટે પાસપોર્ટની નકલ(ફોટો–કોપી) રજુ રાખેલ છે.

(૮) આમ, ઉકત હકીકતે વાદી દ્ધારા તેમની દાવા અરજી દ્ધારા હાલના કામે થયેલા વ્યવહારો સમયે તેઓ ભારતમાં ના હોવાનું તેમજ તેમને વહેવાર અંગે જાણ ના હોવાનું કથન કરેલ છે. ઉકત સંજોગોમાં વાદીની દાવા અરજી તેમજ તે સાથે રજુ દસ્તાવેજો વંચાણે લેતા વાદી પક્ષે દગા અંગેનું કથન કરેલ હોય ત્યારે હાલના કામે પડકારેલ વ્યવહારો અંગે વાદીને જાણકારી હોય(deemed Knowledge) તેમ પુરાવો નોંધયા વિના ઠરાવી શકાય તેમ જણાઈ આવતુ નથી. આમ, હાલના કામે વાદી દ્ધારા દગા અંગેનું કથન કરેલ હોય ત્યારે પણ સમય મર્યાદા અધિનીયમની કલમ ૧૭ ઘ્યાને લેતા પણ સમયમર્યાદાનો મુદ્દો નિર્ણય કરવા માટે પુરાવો નોંધવો જરૂરી જણાય છે.

(૯) પ્રતિવાદીપક્ષે રજુ કરવામાં આવેલ નીચે મુજબના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

1.AIR 2004 Calcutta 99

2.AIR 2013 BOMBAY 127

3.2012(0) GLHEL–HC–227390

4.2015(0) AIJEL–SC–56465

5.AIR 2009 SUPREME COURT 3115

6.AIR 2006 DELHI 182

7.AIR 1992 DELHI 118

8. AIR 2011 GUJARAT 27

9. 2010(0) GLHEL–HC–224147

વાદીની દાવા અરજી સમ્રગપણે વંચાણે લેતા વાદી દ્ધારા તેમની દાવા અરજીમાં સપષ્ટપણે કથન કરવામાં આવેલ છે કે, જે પાવર ઓફ એર્ટની આધારે તેમનો હકક કમીનો લેખ થયેલ તે પાવર ઓફ એર્ટનીના દિવસે તેમજ હકક કમીના લેખના દિવસે તેઓ ભારતમાં હાજર હતા નહી તેમજ તેઓને કોઈ નોટીસની બજવણી થવા પામેલ નથી તેમજ તે હકીકત દર્શવવા સારૂ તેમને પાસપોર્ટની નકલ પણ રજુ રાખેલ છે. ઉકત સંજોગોમાં હાલના કામે પુરાવો નોંધ્યા વિના વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું હાલના

તબ્બકે ઠરાવી શકાય નહી. વધુમાં આ તબ્બકે નામદાર સર્વોચ્ચ અદાલતનો **P.V. Guru Raj Reddy & Anr vs P. Neeradha Reddy & Ors** નો **AIR 2015 SC 2485** ઉપર પ્રસિધ્ધ ચુકાદો અત્રે નોંધવો જરૂરી જણાય છે. સદર ચુકાદમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, દાવા અરજી વંચાણે લેતા જો દાવાનું કારણ જણાઈ ના આવતુ હોય અથવા કાયદાનો બાધ નડતો હોય તો જ દાવો રદ થઈ શકે.

5. Rejection of the plaint under Order VII rule 11 of the CPC is a drastic power conferred in the court to terminate a civil action at the threshold. The conditions precedent to the exercise of power under Order VII rule 11, therefore, are stringent and have been consistently held to be so by the Court. **It is the averments in the plaint that has to be read as a whole to find out whether it discloses a cause of action or whether the suit is barred under any law. At the stage of exercise of power under Order VII rule 11, the stand of the defendants in the written statement or in the application for rejection of the plaint is wholly immaterial. It is only if the averments in the plaint ex facie do not disclose a cause of action or on a reading thereof the suit appears to be barred under any law the plaint can be rejected.** In all other situations, the claims will have to be adjudicated in the course of the trial.

(૧૦) આમ, હાલના કામે દાવા અરજી સમ્રગ પણે વંચાણે લેતા વાદી દ્વારા દાવા અંગેનું કારણ પેરા ૧૩ માં જણાવેલ છે તે ઉપરાંત દાવા અરજીના પેરા ૧ થી ૧૨ સમ્રગ પણે વંચાણે લેતા દાવા અંગેનું કારણ હોવાનું આ તબ્બકે પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં ઉપર ચર્ચા મુજબ જયારે સમય મર્યાદા હકીકત અને કાયદાનો સંયુકત પ્રશ્ન હોય ત્યારે દાવા અરજી દિવાની કાર્યરીતિ સંહિતા હુકમ ૭ નિયમ ૧૧(ડી) હેઠળ રદ કરવાનો હુકમ કરી શકાય નહી.

−:હુકમ:−

**(૧)** હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

**(૨)** અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮.૦૪.૨૦૨૨
સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઈ ,
અધિક સીવીલ જજ , પલસાણા
જજ કોડ: જીજે૦૧૫૨૬